# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો.બો. નંબર: ૧૦,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિટેશન ગ્રેડ: "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

પીએમ-उषा PM-UShA

ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલ: exam_spu@spuvvn.edu; વેબસાઈટ: www.spuvvn.edu


નંબર : ઇ-૩/5285

પરીક્ષા વિભાગ
તારીખ: ૨૦/૦૩/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સંલગ્ન કોલેજ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર.

પ્રતિ,
વડાશ્રી,
અનુસ્નાતક વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર.

**વિષય :** યુનિવર્સિટી પરીક્ષા ફોર્મમાં ABC ID બાબત.

**સંદર્ભ :** પરીક્ષા વિભાગનો તારીખ : ૧૫/૦૭/૨૦૨૫નો પત્ર નંબર : ઇ-૩/૧૧૫૮.

સુજ્ઞશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાનમા યુનિવર્સિટી સંલગ્ન તમામ વિભાગ/કોલેજોનાં આચાર્યશ્રીઓને **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦** અનુસાર યુનિવર્સિટીનાં તમામ વિદ્યાર્થીઓની માર્કશીટ **એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)** નાં પોર્ટલ પર અપલોડ કરવાની હોવાથી વર્ષ ૨૦૨૧-૨૨ **અને ત્યારબાદ** ના આપની કોલેજ/વિભાગમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ આઇડી ABC ID જો બાકી હોય તો તારીખ : ૧૫/૦૮/૨૦૨૫ સુધીમાં ફરજીયાત પણે બનાવવા માટે જણાવેલ હતું અને ભવિષ્યમાં આવનાર દરેક પરીક્ષાનાં ફોર્મ **ABC ID** ભરી શકાશે નહિ તે પણ જણાવેલ હતું.

યુનિવર્સિટી સંલગ્ન વિભાગો/કોલેજો દ્વારા સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ કેટલાક વિદ્યાર્થીઓના ABC ID બનાવવામાં મુશ્કેલી પડતી હોઇ તેવા વિદ્યાર્થીઓનાં માર્ચ/એપ્રિલ/મે-૨૦૨૬માં લેવાનારી પરીક્ષાનાં ફોર્મ ABC ID વગર ભરી શકાય તેવી વ્યવસ્થા કરી આપવા રજૂઆત કરવામાં આવતી હોઇ, કુલપતિશ્રી દ્વારા **વિદ્યાર્થીનાં હિતમાં આ પરીક્ષા પુરતું, આવા વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ ABC ID વગર ભરી શકાય તેવી છુટછાટ આપવામાં આવે છે.**

વધુમાં જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ભરવાનું બાકી રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થી/કોલેજ/વિભાગની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

ઉપરોક્ત બાબતનાં અનુસંધાનમાં એકેડેમિક વર્ષ ૨૦૨૬-૨૭ માં આવનારી **નવેમ્બર/ડિસેમ્બર-૨૦૨૬ની** પરીક્ષા તેમજ ત્યારબાદ આવનાર ભવિષ્યની તમામ યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ સાથે ABC ID ની વિગત ફરજીયાત પણે આપવાની રહેશે અને ABC ID વગર કોઇપણ વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ કોઇપણ સંજોગોમાં ભરી શકાશે નહિ.

**નોંધ.** શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓનાં ABC ID ફરજીયાત બનાવવાનાં રહેશે, જેની ખાસ નોંધ લેવી.

કુલસચિવ